ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# માછીમારોના સહાયક વ્યવસાયિકોની વ્યવસાય પસંદગી અને આવક પર શિક્ષણની અસરોનો અભ્યાસ

શ્રી જેસીંગભાઈ નરસીંગભાઈ મોરી

પી.એચ.ડી.ના વિધાર્થી,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

*સારાંશ :-*

*ગુજરાત રાજ્ય દેશનો સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે. જેના કિનારે ઘણા નાના મોટા બંદરો આવેલા છે. તેમાં માછીમારો માછીમારીનો વ્યવસાય કરે છે.માછીમારોને પોતાના વ્યવસાયમાં ઘણા સહાયક વ્યવસાયિકોની સેવાની જરૂરિયાત ઉભી થાય છે. તેથી બંદરો પર સહાયક વ્યવસાયિક પ્રવૃત્તિનો વિકાસ થયો છે. ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધરવાને લીધે તેની અસર વ્યવસાયિકોનાં વ્યવસાય પસંદગી અને વ્યવસાયિકોની આવક પર પર દેખાય આવે છે.*

*કી વર્ડ :- માછીમારો, સહાયક વ્યવસાયિકો, અભ્યાસ*

---

**1) પ્રસ્તાવના:-**

સમગ્ર વિશ્વનાં દેશો બદલાયેલા સમય મુજબ વિકાસ કરી રહ્યા છે. ત્યારે ભારત ઝડપથી વિકસતા અર્થતંત્રની છાપ છોડી રહ્યું છે. ભારતના વિકાસમાં મહત્વનો ફાળો નિકાસોનો છે. આ નિકાસોમાં મહત્વનો ફાળો દરિયાઈ પેદાશોનો છે. ધ ઇકોનોમિકસ ટાઈમ્સ નાં જણાવ્યા મુજબ ભારતે નાણાકીય વર્ષ 2019-20 માં 46662.85 કરોડ રૂપિયાની કિંમતની 1289651 મેટ્રિક ટન મત્સ્ય પેદાશોની નિકાસ કરેલ છે. જેથી માછીમારોની આવકોમાં વધારો થયો છે. આવકો વધતા માછીમારો આધુનિક સાધનોથી સજ્જ થઇ ને માછીમારી કરવા લાગ્યા છે અને મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવા લાગ્યા છે અને નવી રોજગારીઓ સર્જીને દેશના વિકાસમાં ફાળો આપી રહ્યા છે.

દેશમાં સૌથી વધુ 1600 કી.મી. જેટલો દરિયા કિનારો ધરાવતું ગુજરાત રાજ્ય દેશની મત્સ્ય નિકાસોમાં મહત્વનો ફાળો આપે છે. અને તેમાં ગુજરાતના 11 મધ્યમ કક્ષાના અને 29 લઘુ કક્ષાનાં બંદરો પોતપોતાનો ફાળો આપે છે. આ બંદરો અને માછીમારોના વિકાસમાં માછીમારોના સહાયક વ્યવસાયિકો મહત્વની ભૂમિકા ભજવે છે અને આ સહાયક વ્યવસાયિકોની વ્યવસાય પસંદગીમાં શિક્ષણ એક મહત્વની ભૂમિકા ભજવે છે. આ

વ્યવસાયિકોની આવક અને વ્યવસાય પસંદગી પર શિક્ષણની ખાસ અસર વર્તાય છે. તેની અસરોનો અહી અભ્યાસ કરવામાં આવ્યો છે.

**2) સમસ્યા કથાન:-**

પ્રસ્તુત સંશોધનની સમસ્યા આ પ્રમાણે છે.

**"માછીમારોના સહાયક વ્યવસાયિકોની વ્યવસાય પસંદગી અને આવકો પર શિક્ષણની અસરનો અભ્યાસ"**

**3) અભ્યાસમાં સમાવિષ્ટ શબ્દોની સમજ:-**

**1. માછીમાર:-**

"માછલી પકડવાનો ધંધો કરનાર એટલે માછીમાર"

**2. બંદર:-**

"દરિયા કાંઠા પર આવેલ એવું સ્થળ કે જ્યાંથી વહાણનું આવન જાવન થતું હોય"

આ અભ્યાસમાં બંદર એટલે માછીમારી કરવા માટે ઉપયોગમાં લેવાતા વહાણોને આવવા જવા અને રોકવા ની વ્યવસ્થા વાળું દરિયા કાઠે આવેલ સ્થળ.

**3. સહાયક વ્યવસાયિકો:-**

આ અભ્યાસમાં સહાયક વ્યવસાયિકો એટલે માછીમારોને તેના વ્યવસાયમાં ઉપયોગી થતા વ્યવસાયિકો.

**4) અભ્યાસના હેતુઓ:-**

(1) માછીમારોના સહાયક વ્યવસાયિકોનું શિક્ષણનું સ્તર જાણવું.

(2) માછીમારોના સહાયક વ્યવસાયિકોની આવકનું પ્રમાણ જાણવું.

(3) માછીમારોના સહાયક વ્યવસાયિકોની વ્યવસાય પસંદગીમાં શિક્ષણની અસર જાણવી.

(4) માછીમારોના સહાયક વ્યવસાયિકોની આવકમાં શિક્ષણની અસર જાણવી.

**5) અભ્યાસના પ્રશ્નો:-**

(1) માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું સ્તર કેવું હશે?

(2) માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં આવકનું પ્રમાણ કેવું હશે?

(3) માછીમારોના સહાયક વ્યવસાયિકોની વ્યવસાય પસંદગીમાં શિક્ષણની અસર કેવી હશે?

(4) માછીમારોના સહાયક વ્યવસાયિકોની આવકમાં શિક્ષણની અસર કેવી હશે?

**6) અભ્યાસના ચલો:-**

(1) સ્વતંત્ર ચલ:- શિક્ષણ નું સ્તર

(2) પરતંત્ર ચલ:- આવક અને વ્યવસાય પસંદગી

**7) વ્યાપવિશ્વ અને નિદર્શ:-**

(1) વ્યાપવિશ્વ:-

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એટલે ગુજરાત રાજ્યના તમામ બંદરો જ્યાં માછીમારીનો વ્યવસાય થાય છે.

(2) નિદર્શ:-

પ્રસ્તુત અભ્યાસ વિશાળ વિસ્તારમાં કરવાનો હોવાથી સમષ્ટિનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે વેરાવળ બંદરના માછીમારોનો નિદર્શન યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદી માંથી 50 માછીમારોના સહાયક વ્યવસાયિકોને અભ્યાસના નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

**8) સંશોધન પદ્ધતિ:-**

સામાજિક સંશોધન જયારે સમાજના કોઈ એકમ પર કરવાનું હોય ત્યારે સંશોધનને અનુરૂપ યોગ્ય સંશોધન પદ્ધતિ પસંદ કરવી આવશ્યક હોય છે. આ સંશોધન અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું છે.

**9) માહિતીનું એકત્રીકરણ:-**

માહિતીનું એકત્રીકરણ કઈ પદ્ધતિથી કરવું તેનો આધાર માહિતીના પ્રકાર પર રહેલો છે. માહિતીના બે પ્રકાર છે. (1) પ્રાથમિક માહિતી અને (2) ગૌણ માહિતી.

(1) પ્રાથમિક માહિતી:- પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સંશોધકે પ્રાથમિક માહિતી મેળવવા માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

(2) ગૌણ માહિતી:- પ્રસ્તુત સંશોધનમાં ગૌણ માહિતી પ્રાપ્ત કરવા માટે ગ્રંથાલયના પુસ્તકો, સંશોધન લેખો, સમાચાર પત્રો, લેખો અને સામયિકો વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**10) માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ:-**


અભ્યાસનો મુખ્ય હેતુ માછીમારોના સહાયક વ્યવસાયીકોના વ્યવસાય પસંદગી અને તેની આવક પર શિક્ષણની અસર તપાસવાનો છે. આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ આંકડાકીય માહિતીનું કોષ્ટક આલેખ અને આકૃતિનો ઉપયોગ કરી પૃથકરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**11) માછીમારોના સહાયક વ્યવસાયિકોની સંખ્યા અને આવકનું વર્ગીકરણ:-**


ઉતરદાતા પાસેથી મળેલી માહિતીનું ચાર્ટ આકૃતિ અને અલેખમાં નીચે મુજબ વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

માછીમારોના સહાયક વ્યવસાયિકોની સંખ્યા અને આવકનું વર્ગીકરણ

| ધર્મ | ઉતર દાતા | સરેરાશ માસિક આવક |
|---|---|---|
| હિંદુ | 94% | 13305 |
| મુસ્લિમ | 6% | 14940 |
| કુલ | 100% | 13468.5 |



આકૃતિ અને ચાર્ટ પરથી જોઈ શકાય છે કે માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં હિંદુ 94% અને મુસ્લિમ 6% જેટલા છે.





ઉતરદાતા પાસેથી મળેલી માહિતીનું વર્ગીકરણ કરી કોષ્ટક આકૃતિ અને આલેખમાં રૂપાંતરણ કરતા જોઈ શકાય છે કે માછીમારોને સહાયક વ્યવસાયિકોમાં હિંદુ વ્યવસાયિકો 94% છે. અને તેની સરેરાશ માસિક આવક 13305 રૂ. છે. તેવી જ રીતે મુસ્લિમોનું આ વ્યવસાયોમાં 6% પ્રતિનિધિત્વ છે. તેની સરેરાશ માસિક આવક 14940 રૂ. છે. તેમજ કુલ સહાયકોની સરેરાશ માસિક આવક 13468.5 રૂ. છે. અહી એ નોધવું જરૂરી છે કે, આ વ્યવસાયિકોને વર્ષના 8 માસ માટે રોજગારી મળે છે. માટે તેની વાર્ષિક સરેરાશ માસિક આવક 33% જેટલી ઓછી થાય છે.


**12) સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું પ્રમાણ અને સરેરાશ માસિક આવક:-**

સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું પ્રમાણ અને સરેરાશ માસિક આવકને સ્પષ્ટ કરવા માટે ઉતરદાતા પાસેથી મળેલ માહિતીને નીચે મુજબ રજુ કરવામાં આવી છે.

માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું પ્રમાણ અને સરેરાશ માસિક આવાક

| શિક્ષણ | શિક્ષણનું પ્રમાણ | સરેરાશ માસિક આવક |
|---|---|---|
| અશિક્ષિત | 14% | 4078.57 |
| પ્રાથમિક | 20% | 7690.00 |
| માધ્યમિક | 26% | 11700.00 |
| સ્નાતક | 24% | 19875.00 |
| અ.સ્નાતક | 16% | 22171.88 |
| કુલ | 100% | 13468.50 |






ચાર્ટ અને આકૃતિ પરથી જોઈ શકાય છે કે અશિક્ષિત સહાયક વ્યવસાયિકોની સખ્યા કુલ વ્યવસાયિકોનાં 14% છે. અને તેની સરેરાશ માસિક આવક 4078.57 રૂ. છે. પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવનાર વ્યવસાયિકોની સંખ્યા કુલ નાં 20% છે. તેની સરેરાશ માસિક આવક 7690રૂ. છે. માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવનાર સહાયક વ્યવસાયિકો 26% જેટલા છે. તેની સરેરાશ માસિક આવક 11700 રૂ. છે. સ્નાતક સુધી શિક્ષણ મેળવ્યું હોય તેવા સહાયક વ્યવસાયિકોનું પ્રમાણ 24% છે. તેમની સરેરાશ માસિક આવક 19875 રૂ. છે. અને અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું હોય તેવા સહાયક વ્યવસાયિકોનું પ્રમાણ 16% છે. અને તેમની સરેરાશ માસિક આવક 22171.88 રૂ. છે.


**13) માછીમારોના સહાયક વ્યવસાયિકોની વ્યવસાય પસંદગી:-**

અલગ અલગ વ્યવસાયો પસંદ કરવામાં વ્યવસાયિકોની પસંદગી નીચે મુજબ રજુ કરવામાં આવી છે.

વ્યવસાય પસંદગીનું પ્રમાણ

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

| વ્યવસાય | વ્યવસાય પસંદગીનું પ્રમાણ |
|---|---|
| જાળ બનાવનાર | 18% |
| ટ્રોલીની સેવા | 16% |
| મા. સા. સમારકામ | 12% |
| આઈસ સપ્લાયર | 16% |
| બોટ બનાવનાર | 16% |
| વેપારી | 10% |
| સાધન સપ્લાયર | 12% |
| કુલ | 100% |




- મા.સા.સમારકામ =માછીમારીના સાધનોનું સમારકામ

ચાર્ટ અને આકૃતિ પરથી જોઈ શકાય છે કે કુલ સહાયક વ્યવસાયિકોનાં 18% જાળ બનાવવાનો વ્યવસાય કરે છે. ટ્રોલીની સેવા પૂરી પાડતા હોય તેવા વ્યવસાયિકોનું પ્રમાણ કુલનાં 16% જેટલું છે. જયારે

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

માછીમારીના સાધનોનું સમારકામ કરનારા કુલના 12% છે. આઈસ સપ્લાયર કરનાર કુલ વ્યવસાયિકોનાં 16% જેટલા છે. બોટ બનાવવાનો વ્યવસાય કરનારા કુલનાં 16% જેટલા છે. દરિયાઈ પેદાશની ખરીદી કરવામાં રોકાયેલા વેપારીનું પ્રમાણ કુલ વ્યવસાયિકોનાં 10% જેટલું છે. માછીમારોને સાધન સપ્લાય કરનારા કુલ સહાયક વ્યવસાયિકોમાં 12% જેટલા છે.


**14) માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું પ્રમાણ અને વ્યવસાય પસંદગી:-**

| | શિક્ષણ | | | | | |
|---|---|---|---|---|---|---|
| વ્યવસાય | અશિક્ષિત | પ્રાથમિક | માધ્યમિક | સ્નાતક | અ.સ્નાતક | કુલ |
| જાળ બનાવનાર | 4% | 8% | 4% | 2% | 0% | 18% |
| ટ્રોલીની સેવા | 8% | 4% | 2% | 2% | 0% | 16% |
| મા. સા. સમારકામ | 2% | 2% | 4% | 0% | 4% | 12% |
| આઈસ સપ્લાયર | 0% | 0% | 4% | 6% | 6% | 16% |
| બોટ બનાવનાર | 0% | 4% | 6% | 4% | 2% | 16% |
| વેપારી | 0% | 2% | 2% | 4% | 2% | 10% |
| સાધન સપ્લાયર | 0% | 0% | 4% | 6% | 2% | 12% |
| કુલ | 14% | 20% | 26% | 24% | 16% | 100% |

માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું પ્રમાણ અને વ્યવસાય પસંદગી

*મા. સા. સમારકામ = માછીમારીના સાધન સમારકામ

માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું પ્રમાણ અને વ્યવસાય પસંદગી




ચાર્ટ અને આલેખ પરથી જોઈ શકાય છે કે અશિક્ષિત અને પ્રાથમિક શિક્ષણ મેળવનારા કુલ વ્યવસાયિકોનાં 34% છે. અને તેવો જાળ બનાવવી, ટ્રોલીની સેવા આપવી અને માછીમારીના સાધનોનું સમારકામ કરવું જેવા ઓછી આવકો આપતા વ્યવસાય કરે છે. માધ્યમિક શિક્ષણ મેળવનારા 26% વ્યવસાયિકો છે. જે લગભગ બધા વ્યવસાયોમાં પોતાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. સ્નાતક અને અનુસ્નાતક જેવું ઉચ્ચશિક્ષણ ધરાવતા કુલના 40% સહાયક વ્યવસાયિકો છે જે વધુ આવક આપતા વ્યવસાયો જેવાકે આઈસ સપ્લાય, માછીનો વેપાર અને સાધન સપ્લાય જેવા વ્યવસાયો કરે છે.

**15) અભ્યાસના તારણો:-**

ઉતરદાતા પાસેથી મેળવેલ માહિતીના આધારે અભ્યાસના તારણો નીચે મુજબ મળેછે.

(1) માછીમારોને સહાયક વ્યવસાયિકોમાં શિક્ષણનું પ્રમાણ ખુબ ઉચું છે.

(2) માછીમારોને સહાયક વ્યવસાયિકો અન્ય વ્યવસાયિકો કરતા વધુ સારી આવક ધરાવે છે.

(3) માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં જે ઉચ્ચ શિક્ષણ ધરાવે છે તે વધુ આવકો કમાય છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

(4) માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં જે ઉચ્ચ શિક્ષણ ધરાવે છે તે વધુ આવકો આપતા વ્યવસાયો પસંદ કરે છે.

(5) માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં જે અશિક્ષિત છે તે ઓછી આવકો આપતા વ્યવસાયો પસંદ કરે છે.

(6) માછીમારોના સહાયક વ્યવસાયિકોમાં જે અશિક્ષિત છે તે વધુ મહેનત કરે છે. અને ઓછી આવક કમાય છે.

**16) ભાવિ સંશોધન અંગેના સૂચનો:-**

- ભાવિ સંશોધન આ જ વિષયને અનુલક્ષીને અન્ય વિસ્તાર લઇ સંશોધન કરીશકે છે.

- માછીમારોની આવકો પર શિક્ષણની અસર જેવા વિષય પર સંશોધન કરી શકાય છે.

- માછીમારોને સહાયક વ્યવસાયિકોની આવકો પર COVID-19 ની અસરો પર અભ્યાસ હાથ ધરી શકાય.

VIDHYAYANA

**17) ઉપસંહાર:-**

ભારત જેવા ઝડપથી વિકસતા અર્થતંત્રમાં શિક્ષણ કોઈપણ વ્યવસાયને અસર કરે છે. વ્યવસાય અને તેની આવકો પણ અસર પામે છે. અહી પણ માછીમારોના સહાયક વ્યવસાયિકોએ મેળવેલા શિક્ષણ તેના વ્યવસાય પસંદગી અને આવકો પર અસર કરે છે. અન્ય વ્યવસાયો કરતા માછીમારોના સહાયક વ્યવસાયિકો સારી આવકો અને સારું જીવન જીવે છે.

સંદર્ભ સૂચી:-

ઉચાટ, ડી. એ. *સામાજિક શાસ્ત્રોમાં સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારૂ આધારો.* રાજકોટ: પારસ પ્રકાશન, 1997.

જોષી, ડી.એલ. *સમુદ્ર કિનારાનું સામાજિક પર્યાવરણ, (સૌરાષ્ટ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશના સંદર્ભમાં ).* 1997.

ત્રિવેદી, એમ.ડી.અને પારેખ, બી.યુ. *શિક્ષણમાં આકડાશાસ્ત્ર.* અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 2010.

દેસાઈ, એચ.જી. અને દેસાઈ કે.જી. *સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ,.* અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1973.

રાજગોર, શિવપ્રસાદ. *ભારતના બંદરો* . અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ, 1994.

સેંજલિયા, હિમત. *બંદર સંચાલન* . અમરેલી : પર્યાવરણ અને સંસ્કૃતિ ટ્રસ્ટ , 2004.

હર્ષિદાબેન, દવે. *સામાજિક સંશોધન પદ્ધતિઓ* . અમદાવાદ : સંશોધન અને પરામર્શ સેવા ટ્રસ્ટ, 2005.